# મારું હૃદય

વર્ષ-૩, અંક-૨૭, ૧૫ માર્ચ, ૨૦૧૨

CIMS®
Care Institute of Medical Sciences



Price ₹ 5/-


**કાર્ડિયોલોજીસ્ટ**
ડૉ. અનિશ ચંદારાણા
(મો) +૯૧-૯૮૨૫૦ ૯૬૯૨૨
ડૉ. અજય નાઇક
(મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬
ડૉ. સત્ય ગુપ્તા
(મો) +૯૧-૯૯૨૫૦ ૪૫૭૮૦
ડૉ. જોયલ શાહ
(મો) +૯૧-૯૮૨૫૩ ૧૯૬૪૫
ડૉ. રવિ સિંઘવી
(મો) +૯૧-૯૮૨૫૧ ૪૩૯૭૫
ડૉ. ગુણવંત પટેલ
(મો) +૯૧-૯૮૨૪૦ ૬૧૨૬૬
ડૉ. કેયૂર પરીખ
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૪
ડૉ. મિલન ચગ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭
ડૉ. ઉર્મિલ શાહ
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૯૩૯
ડૉ. હેમાંગ બક્ષી
(મો) +૯૧-૯૮૨૫૦ ૩૦૧૧૧

**કાર્ડિયાક સર્જન**
ડૉ. ધીરેન શાહ
(મો) +૯૧-૯૮૨૫૫ ૭૫૯૩૩
ડૉ. ધવલ નાયક
(મો) +૯૧-૯૦૯૯૧ ૧૧૧૩૩
ડૉ. દીપેશ શાહ
(મો) +૯૧-૯૦૯૯૦ ૨૭૯૪૫

**પીડિયાટ્રીક અને એડલ્ટ કાર્ડિયાક સર્જન**
ડૉ. શૌનક શાહ
(મો) +૯૧-૯૮૨૫૦ ૪૪૫૦૨

**વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન**
ડૉ. સુજલ શાહ
(મો) +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮

**કાર્ડિયાક એન્સ્થેટીસ્ટ**
ડૉ. નિરેન ભાવસાર
(મો) +૯૧-૯૮૭૯૫ ૭૧૯૧૭
ડૉ. હિરેન ધોળકિયા
(મો) +૯૧-૯૫૮૬૩ ૭૫૮૧૮

**પીડિયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ**
ડૉ. કશ્યપ શેઠ
(મો) +૯૧-૯૯૨૪૬ ૧૨૨૮૮
ડૉ. મિલન ચગ
(મો) +૯૧-૯૮૨૪૦ ૨૨૧૦૭

**નીઓનેટોલોજીસ્ટ અને પીડિયાટ્રીક ઇન્ટેન્સીવીસ્ટ**
ડૉ. અમિત ચિતલીયા
(મો) +૯૧-૯૦૯૯૯ ૮૭૪૦૦

**કાર્ડિયાક ઇલેક્ટ્રોફિજિયોલોજીસ્ટ**
ડૉ. અજય નાઇક
(મો) +૯૧-૯૮૨૫૦ ૮૨૬૬૬


## રૂંધાયેલી નળીઓનો ઇલાજ : એન્જિયોપ્લાસ્ટી

હૃદયની ધમનીઓના રોગમાં હૃદયની ધમનીઓ સાંકડી થઈ જાય છે અથવા તો તેમની અંદર અવરોધ પેદા થાય છે. તેના કારણે હૃદયને પૂરતું લોહી મળતું અટકી જાય છે.

લોહીનો પુરવઠો અને તેની માંગના આ વસ્તુવિચારને સમજાવવાની અહીં જરૂર છે. હૃદયને જરૂર હોય છે લોહીની, કારણ કે તેણે એટલું બધું કામ કરવું પડે છે. એન્જિયોપ્લાસ્ટી અથવા બાયપાસ શસ્ત્રક્રિયા વડે રૂંધાયેલી વાહિનીઓને ખોલીને આપણે તેને વધારે લોહી પહોંચતું કરી શકીએ.

### પી.ટી.સી.એ. (PTCA)

પી.ટી.સી.એ. એટલે પરક્યુટેનીઅસ ટ્રાન્સલ્યુમિનલ કૉરોનરી એન્જિયોપ્લાસ્ટી.' આ કાર્યપદ્ધતિ વડે હૃદયની ધમનીને પહોળી કરીને તેનો અવરોધ હટાવી શકાય છે. પી.ટી.સી.એ. બાયપાસ ઑપરેશનનો શસ્ત્રક્રિયા વગરનો વિકલ્પ છે, અને તે સાથળમાં એક નાનું છિદ્ર પાડીને કરી શકાય છે. આ કાર્યપદ્ધતિ વખતે દર્દીને બેહોશ કરવો પડતો નથી. દર્દી જાગૃત હોય છે. આ ઉપરાંત હૉસ્પિટલમાં ફક્ત ૧-૨ દિવસ જ રહેવું પડે છે.




### ફુગ્ગા વડે એન્જિયોપ્લાસ્ટી (બલૂન એન્જિયોપ્લાસ્ટી)

કૅથેટર એ એક વાળી શકાય તેવી ૨ મિ.મિ. સાંકડી અને છેડા પર નાનકડા ફુગ્ગાવાળી પ્લાસ્ટિકની નળી હોય છે. સ્ટેન્ટ એ ધાતુનું નાનકડું કમાન સ્પ્રિંગ જેવું સાધન છે, જેને ફુગ્ગા પર મૂકવામાં આવે છે. સ્ટેન્ટ ધમની ખુલ્લી રાખવા અને ફરીથી રૂંધાતી રોકવા માટે ધમનીની અંદર કૅથેટર દ્વારા મૂકી શકાય છે.

પી.ટી.સી.એ. કરતા પહેલાં દર્દીને ઘેનની હળવી દવા આપવામાં આવે છે. સાથળના ભાગને નાનકડા ઈન્જેક્શન વડે બેશુદ્ધ કરવામાં આવે છે. સાંકડી સ્ટ્રૉ (૨ મિ.મિ. પહોળી) જેવી એક નાની નળીને સાથળની ધમનીમાંથી પસાર કરવામાં આવે છે. આ નળીમાંથી ખાસ આકારનું માર્ગદર્શક કૅથેટર પસાર કરવામાં આવે છે અને તેના છેડાને હૃદયની ધમનીમાં સરકાવવામાં આવે છે.

હવે હૃદયની ધમનીમાંના અવરોધમાંથી એક પાતળા વાયરને આરપાર પસાર કરવામાં આવે છે. આ વાયરની ઉપરથી, અવરોધના સ્તર સુધી એક પાતળા ફુલાવી શકાય તેવા ફુગ્ગાને પસાર કરવામાં આવે છે. ફુગ્ગો બરોબર અવરોધની જગ્યાએ આવે એટલે તે ફુગ્ગાને ફુલાવવામાં આવે છે. આ ફુગ્ગો ચરબીના થર ઉપર દબાણ આપીને અને ધમનીને ખેંચીને અવરોધને ખુલ્લો કરે છે.




સામાન્ય રીતે ફુગ્ગા વડે એન્જિયોપ્લાસ્ટી કરવાથી ધમની પોતાના મૂળ માપના પ્રમાણમાં ૭૦-૮૦ ટકા ખૂલી જાય છે. તેમાં હજુ થોડો અવરોધ તો રહે જ છે, જેના માટે સૌથી અદ્‌ભુત સાધનોમાંના એક એટલે કે 'સ્ટેન્ટ'નો ઉપયોગ કરવામાં આવે છે.

## સ્ટેન્ટ

હવે મોટા ભાગની એન્જિયોપ્લાસ્ટીમાં સ્ટેન્ટનો ઉપયોગ થાય છે. તે બૉલપેનની સ્પ્રિંગના કદનું, નાનકડી સ્પ્રિંગ જેવું ધાતુનું સાધન છે. સ્ટેન્ટ મૂકતાં પહેલા અવરોધને ફુગ્ગા વડે ખોલવામાં આવે છે. પછી સ્ટેન્ટને એન્જિયોપ્લાસ્ટીના ફુગ્ગા ઉપર બંધ પરિસ્થિતિમાં બેસાડીને અવરોધની જગ્યાએ ધકેલવામાં આવે છે. જ્યારે એન્જિયોપ્લાસ્ટીના ફુગ્ગાને ફુલાવવામાં આવે છે ત્યારે તે સ્ટેન્ટને રક્તવાહિનીની દીવાલ સામે ખોલે છે. આ સ્થિતિમાં સ્ટેન્ટ બેસી જાય છે અને ધમનીને ખુલ્લી રાખે છે. અંતમાં ફુગ્ગાવાળા કૅથેટરને શરીરની બહાર કાઢી લેવામાં આવે છે.

## સ્ટેન્ટના ફાયદા

સ્ટેન્ટ વાપરવાથી ધમની પ્રમાણમાં વધારે ખૂલે છે અને



એન્જિયોપ્લાસ્ટી-બલૂન, સ્ટેન્ટથી રૂંધાયેલી નળી પહોળી થાય

ફરીથી તે રૂંધાઈ જવાની શક્યતા ઘટી જાય છે. દાખલા તરીકે ૯૦ ટકા રૂંધાયેલી એક ધમનીની કલ્પના કરીએ. ફુગ્ગા વડે એન્જિયોપ્લાસ્ટી કર્યા પછી અવરોધ ૨૦ ટકાથી ૩૦ ટકા સુધી ઓછો થઈ જશે, પણ સ્ટેન્ટ મૂક્યા પછી અવરોધ ૦ ટકા થઈ જશે. અવરોધ બિલકુલ હટી જશે. આ ઉપરાંત, જ્યારે રૂંધાયેલી હૃદયની ધમનીની ફક્ત ફુગ્ગાવાળી કાર્યપદ્ધતિથી સારવાર કરવામાં આવે છે, ત્યારે અવરોધ ફરીથી પેદા થવાની શક્યતા આશરે ૩૦ ટકા રહે છે. પરંતુ જો સ્ટેન્ટ મૂકવામાં આવી હોય, તો અવરોધ ફરીથી ઊભો થવાની અને એન્જાયનાનાં લક્ષણો પેદા થવાની શક્યતા છેક ૧૦ ટકા સુધી ઘટી જાય છે. આથી, સ્ટેન્ટનો ઉપયોગ કરવો તે એક આવશ્યક કાર્યપદ્ધતિ થઈ ગઈ છે. જો સ્ટેન્ટ મૂક્યા પછી છ મહિના સુધી અવરોધ પેદા ન થાય, તો રૂંધાયેલી ધમની હંમેશ માટે ખુલ્લી રહે છે. સ્ટેન્ટ વાળી ધમનીમાં છ મહિનાની અંદર ફરીથી અવરોધ પેદા થવાની શક્યતા ૧૦ ટકા છે. આ રીતે, જો અવરોધ છ મહિના સુધીમાં



૯૦ ટકા બંધ ધમની



એન્જિયોપ્લાસ્ટી પછી પૂરેપૂરી ખુલ્લી ધમની

ઊથલો ન મારે તો સ્ટેન્ટ વડે મોટા ભાગના અવરોધનું કાયમ માટે નિવારણ થઈ જાય છે.'

## 'ડી.ઇ.એસ' ડ્રગ કોટેડ સ્ટેન્ટ્સ

હવે એક ખાસ પ્રકારની દવાના આવરણવાળી સ્ટેન્ટ પણ મળે છે, કે જે બેસાડ્યા પછી થોડાં અઠવાડિયાં સુધી તે રૅપામાયસિન અથવા પૅક્લિટેક્સલ જેવી દવા છોડતી રહે છે. આથી સોજો અને ધમનીની માંસપેશીનો વધુ પડતો વિકાસ થતાં અટકે છે અને ધમનીમાં ફરીથી અવરોધ પેદા થવાની શક્યતા ૨ થી ૫ ટકા જેટલી ઓછી થઈ જાય છે. અમેરિકામાં હવે ૯૦ ટકાથી વધુ આ પ્રકારની સ્ટેન્ટ જ વપરાય છે.

## જામેલા લોહીને ઓગાળનારા નવા પદાર્થ

આ હોય છે 'પ્લેટલેટ ટૂ-બી/થ્રી-એ' પ્રતિબંધકો. દવાઓનું આ એક એવું જૂથ છે જે પ્લેટલેટ્સ (લોહીને જામવામાં મદદ કરતા રક્ત કોષો)ને ઓછા ચીકણા બનાવે છે અને લોહીને જામી જતું રોકવામાં મદદ કરે છે. આ દવાઓનો ઉપયોગ સ્ટેન્ટિન્ગ વખતે કરવામાં આવે છે, કારણ કે જો સ્ટેન્ટની નજીક લોહી જામી જાય તો એન્જિયોપ્લાસ્ટીની બધી મહેનત અને ખર્ચ પાણીમાં જાય.

'પ્લેટલેટ ટૂ-બી/થ્રી-એ' પ્રતિબંધકોના દાખલા છે ઍબ્સિક્સિમેબ (રિઓપ્રો), એપિફિબાટાઇડ (ઇન્ટિગ્રિલિન) અને ટાયરોફીબાન. આ દવાઓ સ્ટેન્ટની નજીક લોહી જામી જતું રોકે છે. આજકાલ તેનો ઉપયોગ અસ્થિર એન્જાયના અથવા હૃદયરોગના હુમલા પછી અથવા એન્જિયોપ્લાસ્ટી દરમ્યાન પણ કરવામાં આવે છે.

૧૯૯૯માં અમેરિકામાં મને રાત્રે એક ફોન આવ્યો. **'ડૉક્ટર, તાત્કાલિક હૉસ્પિટલમાં આવો. મારા પતિને હાર્ટ ઍટેક આવ્યો છે. કદાચ એન્જિયોપ્લાસ્ટી કરાવવી પડે...'**

**'પણ બહેન, તમારા મિસ્ટરની બે વર્ષ પહેલાં ખૂબ સારી એન્જિયાગ્રાફી હતી, અને નળીઓ ખુલ્લી હતી. આ સંજોગોમાં હાર્ટ ઍટેક આવે જ નહીં. તમારી ભૂલ થતી હશે.'** મને યાદ આવતું હતું.

**'હા, પણ નવા પતિ તો હોઈ શકે ને? સમય ન બગાડો અને જલદી હૉસ્પિટલ આવો.'**

## એન્જિયોપ્લાસ્ટીમાં અન્ય સાધનો



એન્જિયોપ્લાસ્ટી વખતે કેટલાંક અન્ય સાધનો વપરાય છે. એક છે પરિભ્રમણ કરતી ડ્રિલ, જે હૃદયની ધમનીમાંથી ચરબીના થરને સાફ કરવા માટે મદદરૂપ બને છે. ડાયરેક્શનલ કૉરોનરી ઍથિરેકટોમી સાધન એક પરિભ્રમણ કરતું કટર વાપરે છે, જે ધમનીના અવરોધને છોલી નાંખે છે. ક્યારેક ખાસ 'કટિંગ' કરતા ખાસ ફુગ્ગા ધમનીને ખોલવા માટે વાપરવામાં આવે છે. ધમનીનો અવરોધ બાળવા માટે લેસર કિરણોનો ઉપયોગ થયો છે, પણ તેમાં ખાસ સફળતા મળી નથી.

## એન્જિયોપ્લાસ્ટીમાં અદ્યતન શું છે?

અમુક કિસ્સાઓમાં હૃદયની ધમનીને પૂરેપૂરી ખોલવા છતાં તેમાંથી લોહી વહેતું નથી, કારણ કે ચરબીના થરનો સૂક્ષ્મ કચરો ઝીણી ઝીણી રક્તવાહિનીઓના રસ્તામાં અવરોધ પેદા કરે છે. ડિસ્ટલ પ્રોટેક્શન ડિવાઈસ અથવા ફિલ્ટર ડિવાઇસ ચરબીના આવા સૂક્ષ્મ કચરાને દૂર કરી આમ થતું અટકાવે છે.

## કૅથ લૅબની બહાર



એન્જિયોપ્લાસ્ટીમાં વપરાતાં સાધનો

એન્જિયોપ્લાસ્ટીમાં ૩૦ થી ૬૦ મિનિટ લાગે છે. ભાગ્યે જ તેથી વધુ સમય લાગે. એ એક બીમાર હૃદયને વિના કાપકૂપે નવપલ્લવિત કરનારી ચમત્કારિક 'પ્રોસિજર' છે. ૯૦ થી ૯૫ ટકા દર્દીઓમાં એ કાયમ માટે શસ્ત્રક્રિયાની જરૂરિયાતને દૂર કરે છે.

# ઇન્ટ્રાએઓર્ટિક બલૂન પમ્પ

ઇન્ટ્રાએઓર્ટિક બલૂન પમ્પ (આઇ.એ.બી.પી.) ખૂબ જ ગંભીર રીતે બીમાર લોકોના હૃદયને પમ્પ કરવા મદદ કરે છે. આ સાધન થોડા સમય માટે જ વપરાય છે. પણ તે દર્દીના જીવન અને મોત વચ્ચેની સંરક્ષક દીવાલ બની દર્દીનો જાન બચાવે છે.

## ઉપયોગ

આઇ.એ.બી.પી. હૃદયની મોટી શસ્ત્રક્રિયા બાદ નબળા હૃદયને સારવાર રૂમમાં ટેકો આપે છે. કેટલીક વખત ખૂબ જ ગંભીર રીતે બીમાર લોકોના હૃદયને મદદ કરવા આઇ.એ.બી.પી. વપરાય છે.

દર્દી જ્યારે શસ્ત્રક્રિયા અથવા એન્જિયોપ્લાસ્ટીની રાહ જોતા હોય અને દર્દીની હૃદયની ધમનીઓ વધારે પ્રમાણમાં બંધ હોય ત્યારે આઇ.એ.બી.પી.થી દર્દીના લોહીનો પ્રવાહ સુધરે છે. કાર્ડિયોજેનીક શૉક એવી ગંભીર અવસ્થા હોય છે જેમાં હૃદય નબળું પડ્યું હોવાને લીધે તે બહુ ઓછું પમ્પિંગ કરે છે અને દર્દીના શરીરને જોઈએ એટલું લોહી મળતું નથી. દર્દીનું બી.પી. ઘટી જાય છે, તેના હાથપગ ઠંડા પડી જાય છે અને તાત્કાલિક ઇલાજ ના કરવામાં આવે તો દર્દીનો જાન જઈ શકે. એવી હાલતમાં આઇ.એ.બી.પી. જ્યાં સુધી દર્દીને સારું ના થાય અથવા કૉરોનરી એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી કરી પમ્પિંગ સુધારવામાં ના આવે ત્યાં સુધી મદદરૂપ બની રહે છે.



આઇ.એ.બી.પી.

## કેવી રીતે કાર્ય કરે છે?

આઇ.એ.બી.પી. એક લાંબી નળી (કૅથેટર) હોય છે. એની ટોચ પર ૮ ઈંચ લંબાઈનો પ્લાસ્ટિક ફુગ્ગો હોય છે જે ફુલાવી શકાય છે.

કૅથેટરને દર્દીના સાથળની ધમનીમાં દાખલ કરાય છે. નળી દાખલ કરેલા ભાગને બહેરો કરવા ઇંજેક્શન અપાશે, પરંતુ દર્દી જાગૃત અવસ્થામાં રહેશે. ડૉક્ટર ધમની મારફતે નળીને દોરે છે અને તેની એઓર્ટા (મહાધમની)માં બેસાડે છે. એક પમ્પ કૅથેટરના છેડા પર જોડાય છે. આ ફુગ્ગો ઝડપથી ફુલાય છે અને દર્દીના પોતાના જ હૃદયના ધબકારાના ઉપયોગથી તેની હવાનો નિકાલ થાય છે. આ ફુગ્ગો હૃદયના દરેક ધબકારાના સ્થગિત સમયે શરૂઆતમાં ફૂલે છે. આ ફુલાયેલ ફુગ્ગો એઓર્ટામાં બ્લડપ્રેશર વધારે છે, હૃદયની ધમનીઓ અને શરીરમાં લોહીના પ્રવાહને વધારે છે અને હૃદય ઉપરના શ્રમને ઘટાડે છે.

## પરિણામો

ખૂબ જ ગંભીર રીતે બીમાર લોકો માટે આઇ.એ.બી.પી. ખૂબ કામનું સાધન છે.

સૌજન્ય : 'હૃદયની વાત દિલથી' - લેખક : ડૉ. કેયૂર પરીખ

# ચકાસો તમારા જ્ઞાનને

**(૧) PTCA નું પુરૂ નામ શું છે ?**

એ. પેક્ડ ટ્રેકીયા કોરોનરી આર્ટરી

બી. પરક્યુટેનીઅસ ટ્રાન્સલ્યુમિનલ કોરોનરી એન્જિયોપ્લાસ્ટી

સી. પેનક્રેટ્રીક ટ્રેક્ટ કાર્ડિયાક એન્જિયોગ્રાફી

ડી. પલ્મોનરી ટ્રેક્ટ કરેક્શન એડ્વર્સીટી

**(૨) સ્ટેન્ટ એટલે શું ?**

એ. આર્ટરીમાં રહેલો બ્લોકેજ જાણવા માટે વપરાતુ બલુન

બી. હૃદયની અંદર મુકવામાં આવતી લાકડી

સી. સ્પ્રિંગ જેવું સાધન કે જે બલુન દ્વારા મુકવામાં આવે છે

ડી. ખાસ સોય જેના દ્વારા હૃદયમાં રહેલો બ્લોક દેખી શકાય

**(૩) CAD નું પુરૂ નામ શું છે ?**

એ. કોરોનરી આર્ટરી ડિસીઝ

બી. કાર્ડિયાક એરેધિમીયા ડિસીઝ

સી. કોરોનરી એન્જિયોપ્લાસ્ટી ડિવાઇસ

ડી. કેથેટર ફોર આર્ટ્રીયલ બ્લોકેજ

**(૪) સામાન્ય રીતે એન્જિયોપ્લાસ્ટીમાં કેટલો સમય લાગે છે?**

એ. ૧ કલાક

બી. ૧૫ – ૩૦ મીનીટ

સી. ૬૦ – ૭૫ મીનીટ

ડી. ૩૦ – ૬૦ મીનીટ

સાચા જવાબ ઉપર (✓) નિશાની કરી તમારા નામ અને સરનામા સાથે સીમ્સ હોસ્પિટલ (કોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ), શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપો. પહેલા ૫ વિજેતાને લકી ડ્રો દ્વારા પસંદ કરી યોગ્ય પુરસ્કાર આપવામાં આવે છે.

# સીમ્સ ક્લિનિક
## મણીનગર, અમદાવાદ

**પેથોલોજી, ઇસીજી, ઇકોકાર્ડિયોગ્રાફી, ટીએમટી તથા અન્ય ઘણી બધી સગવડો**




**ગંભીર દર્દીઓ માટે મણીનગર થી સીમ્સ હોસ્પિટલ લાવવા એમ્બ્યુલન્સની સુવિધા ઉપલબ્ધ છે**

## મણીનગર સીમ્સ ક્લિનિકમાં ઉપલબ્ધ ઓપીડી સેવાઓ

- કાર્ડિયોલોજી (હૃદયના રોગ)
- કાર્ડિયોથોરાસીક અને વાસ્ક્યુલર સર્જરી
- ક્રીટીકલ કેર
- ઇ.એન.ટી.
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- જનરલ સર્જરી / જી.આઇ. સર્જરી
- ગાયનેકોલોજી અને ઓબ્સ્ટેટ્રીક્સ
- ઇન્ફેક્સિયસ ડિસીજ
- નીઓનેટોલોજી(નવજાતશીશુ) અને પીડિયાટ્રીક્સ(બાળકોના રોગ)
- નેફ્રોલોજી (કીડનીના રોગ)/ડાયાલીસીસ
- ન્યુરોલોજી (મગજના રોગ)
- ન્યુરોસર્જરી
- ઓબેસીટી / બેરીયાટ્રીક સર્જરી (સ્થૂળતા નિયંત્રણ)
- ઓન્કોલોજી (કેન્સરની બીમારી)
- ઓન્કો સર્જરી
- ઓર્થોપેડિક્સ / જોઇન્ટ રિપ્લેસમેન્ટ
- પેઇન મેનેજમેન્ટ
- પીડિયાટ્રીક કાર્ડિયોલોજી (બાળકોની હૃદયની બીમારી)
- પીડિયાટ્રીક સર્જરી
- પ્લાસ્ટીક સર્જરી
- પલ્મોનોલોજી (ફેફસાના રોગ)
- સ્પાઇન સર્જરી (કરોડરજ્જુ અને મણકાના રોગ)
- ટ્રોમા સારવાર
- યુરોલોજી અને યુરોસર્જરી (પથરી, પ્રોસ્ટેટ અને કિડનીના રોગ)
- પેથોલોજી
- રેડિયોલોજી

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

# સીમ્સ ક્લિનિક

પહેલો માળ, શાંતાપ્રભા હાઇટ્સ, ઇન્ડસ ઇન્ડ બેન્કની ઉપર, વલ્લભ વાડી સામે, જવાહર ચોક નજીક, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.

**એપોઇન્ટમેન્ટ માટે ફોન (સવારે ૧૦ થી સાંજે ૫) :**
**ફોન : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૧-૮૩ (૩ નંબર)**

ફેક્સ : +૯૧-૭૯-૨૫૪૪ ૦૩૮૪

સીમ્સ હોસ્પિટલ અને ધ હાર્ટ કેર ક્લિનિક(HCC)ના ભૂતપૂર્વ દર્દીઓ અને કુટુંબીજનો કે જેઓ મણીનગર, નરોડા, બાપુનગર, ઓઢવ, ઇસનપુર, હાટકેશ્વર તથા મણિનગરની આસપાસ રહેતા હોય તેમને સીમ્સ મણીનગર ક્લિનિકમાં બતાવવાની સુવિધા




CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ હેલ્થકેર

## શું તમે કોઇ દિવસ હેલ્થ ચેક-અપ કરાવેલ છે?

**ના...** તો આજે જ સીમ્સ હોસ્પિટલમાં તમારા હેલ્થ ચેક-અપ માટે સંપર્ક કરો.

**કારણ કે, તમારા સ્વાસ્થ્ય થી વધારે કિંમતી કંઇ નથી... તમારા અને તમારા પરિવાર માટે**

જો નીચેનામાંથી કોઇપણ લક્ષણો હોય તો તમારે હેલ્થ કેર ચેક-અપ કરાવવું જરૂરી છે

- ૪૦ વર્ષથી વધારે ઉંમર
- મેદસ્વીતા - ભારેખમ શરીર
- તમાકુનું સેવન / ધુમ્રપાન અથવા દારૂનું વ્યસન
- તાણયુક્ત જીવન પદ્ધતિ
- ડાયાબીટીસ, હાઇ બ્લડ પ્રેશર અને હાર્ટ એટેક જેવી બીમારીનો વારસો હોય
- થોડો શ્રમ કરવાથી પણ થાકી જવાય
- વજન ઓછું થવું / વજન વધવું
- લાંબા સમયથી અપચો/કબજિયાત હોય
- શરીરના કોઇ પણ ભાગમાં ગાંઠ હોય (સ્તન, પેટ, હાથ-પગ વગેરે)
- ખાંસીમાં, પેશાબમાં કે જાજરૂમાં લોહી પડતું હોય



**વ્યક્તિગત જરૂરિયાત મુજબ સીમ્સ હોસ્પિટલમાં વિશેષ હેલ્થકેર પ્લાન**

વધારે જાણકારી ના હોય તો અમારા કર્મચારી તમને જરૂરિયાત મુજબનું યોગ્ય હેલ્થકેર પેકેજ પસંદ કરવામાં મદદ કરશે

**વધુ માહિતી માટે સંપર્ક કરો +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૮૮**

# સીમ્સ ઇસીપી (એક્સટર્નલ કાઉન્ટર પલ્સેશન થેરાપી)



**નહી કોઇ સર્જરી, નહી ઇન્ટરવેન્શન કે નહી કોઇ દુ:ખાવો**




*એવા દર્દી માટે કે જેમની હૃદયની ધમની (આર્ટરી)માં બ્લોક છે અને જેઓ એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ કરાવી શકતા નથી અથવા તો ઇચ્છતા નથી અને એવા દર્દીઓ કે જેમની પહેલા બાયપાસ સર્જરી કરાવેલી હોય અને અત્યારે તેમને છાતીમાં દુ:ખાવો હોય.

- ઇસીપી (એક્સટર્નલ કાઉન્ટર પલ્સેશન થેરાપી) એ નોન-ઇન્વેઝીવ પ્રક્રિયા છે કે જે એન્જાયનાના લક્ષણોને ઓછા કરી દે છે
- ઇસીપીનું ચિકિત્સક અને નૈદાનિક પરીક્ષણ થયેલુ છે કે એટ્રોમેટીક આઉટપેશન્ટ અલ્ટરનેટીવ પ્રોસિજર એટલે સર્જીકલ ઇન્ટરવેન્શન એટલે કે બલુન એન્જિયોપ્લાસ્ટી (પીટીસીએ) અને બાયપાસ સર્જરી (સીએબીજી)

**ઇસીપી થેરાપીના ફાયદા**

- કોરોનરી આર્ટરી સ્ટેનોસીસ માટે નોન-ઇન્વેઝીવ સારવાર
- દર્દીને દાખલ થવાની જરૂર નથી
- સુરક્ષિત, દર્દ રહિત, કોઇ જ સાઇડ ઇફેક્ટ વિના આરામથી થઇ શકે છે
- ખર્ચમાં રાહત

CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઇન્ટમેન્ટ માટે ફોન : +૯૧-૭૯-૩૦૧૦ ૧૨૦૦, ૩૦૧૦ ૧૦૦૮
(મો) +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ ઇમેલ : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫(૫ નંબર) ફેક્સ: +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૦
ઇમેલ : info@cims.me વેબ: www.cims.me

# સીમ્સ પીડીયાટ્રીક કાર્ડિયોલોજી (બાળ હૃદયરોગ વિભાગ)

## બાળ હૃદયરોગની તપાસ માટેની સેવાઓ

- બાળ હૃદય-રોગ માટે નિદાન અને સારવાર
- નવજાત શિશુ અને બાળકો માટે આઇસીયુ (હાઇ ફ્રિક્વન્સી વેન્ટીલેટર સાથે)
- બાળકોની ઇકોકાર્ડિયોગ્રાફીની તપાસ માટે ઉચ્ચતમ કક્ષાના મશીન (Live 3D Echo)
- બાળકોમાં ટ્રાન્સ ઇસોફેજિઅલ ઇકોકાર્ડિયોગ્રાફી (TEE)ની વ્યવસ્થા
- ગર્ભસ્થ શિશુના હૃદયને લગતી તપાસ અને સારવાર (ફીટલ ઇકો)
- બાળકોમાં હાઇ બ્લડ પ્રેશર / ધબકારાની અનિયમીતતા / હાર્ટ ફેલ્યોરની સારવાર

## બાળ હૃદય રોગ ઇન્ટરવેન્શનલ પ્રોગ્રામ

- જન્મજાત બિમારી માટે ઓપરેશન વગર (એન્જીયોપ્લાસ્ટી અથવા Device Closure) સારવારની સુવિધા
- બાળકો માટે કેથલેબ અને આઇસીયુની સગવડ
- બાળકોની ઇલેક્ટ્રોફીઝીયોલોજી તપાસ, રેડીયો ફ્રિક્વન્સી એબ્લેશન અને પેસમેકરની સારવાર

## બાળ હૃદયરોગ સર્જરી વિભાગ

- બાળકો અને નવજાત શિશુની હૃદયની તમામ સર્જરી માટે સ્પેશીયાલીસ્ટ ટીમ
- ઓપરેશન પછી ઉચ્ચત્તમ કક્ષાની આઇસીયુ સારવાર
- અદ્યતન જીવનરક્ષક પ્રણાલીથી ઉપચારની વ્યવસ્થા

CIMS®
Care Institute of Medical Sciences

CIMS®
Care Institute of Medical Sciences

# સીમ્સ વાસ્ક્યુલર સર્વિસીસ

સીમ્સ હોસ્પિટલના વાસ્ક્યુલર સર્જરી ડીવીઝન દ્વારા કોમ્પ્રીહેન્સીવ વાસ્ક્યુલર કેર પ્રોગ્રામ હેઠળ નીચેની તમામ સુવિધા પૂરી પાડવામાં આવે છે.



**સ્ક્રીનીંગ પ્રોગ્રામ્સ :**

(૧) કેરોટીડ આર્ટરી ડોપ્લર સ્કેન
(૨) એઓર્ટીક એન્યુરીઝમ સ્ક્રીનીંગ
(૩) પેરીફેરલ આર્ટરીઅલ ડીસીઝ સ્ક્રીનીંગ

**વાસ્ક્યુલર મેડીસીન :**

નોન સર્જીકલ ટ્રીટમેન્ટ - પગની નળીઓના બ્લોક તથા દુ:ખાવા માટે



**વાસ્ક્યુલર સર્જરી :**

(૧) વેરીકોઝ વેઇન્સ અને વીનસ અલ્સર
(૨) પેરીફેરલ વાસ્ક્યુલર ઓક્લુઝીવ ડીસીઝ
 ■ પગનું અલ્સર, દુખાવો કે ગેંગ્રીન
(૩) કેરોટીડ એન્ડઆર્ટરેક્ટોમી
 ■ સ્ટ્રોક તથા પેરાલીસીસને અટકાવવાનું ઓપરેશન
(૪) એન્યુરીઝમ સર્જરી (લોહીની નળી પહોળી થવી)
 ■ એઓર્ટીક એન્યુરીઝમ
 ■ પેરીફેરલ એન્યુરીઝમ
(૫) એન્ડોવાસ્ક્યુલર એન્યુરીઝમ રીપેર (ઓપરેશન વગર એન્યુરીઝમની સારવાર)
(૬) કો-આર્કટેશન ઓફ એઓર્ટા રીપેર
(૭) થોરેસીક આઉટલેટ સીન્ડ્રોમ (હાથની નસની સર્જરી)
(૮) મેસેન્ટરીક એન્ડ રીનલ બાયપાસ
(૯) એ-વી ફીસ્ચ્યુલા સર્જરી (ડાયાલીસીસ વાળા દર્દીઓ માટે)
(૧૦) ડાયાબિટીક ફુટ કેર

વાસ્ક્યુલર અને એન્ડોવાસ્ક્યુલર સર્જન
ડૉ. સૃજલ શાહ (મો) +૯૧-૯૧૩૭૭ ૮૮૦૮૮

**"Maru Hriday" Registered under RNI No. GUJGUJ/2009/28044**
**Permitted to post at PSO, Ahmedabad-380002 on the 22nd to 27th of every month under**
**Postal Registration No. GAMC-1731/2010-2012 issued by SSP Ahmedabad valid upto 31st December, 2012**
**Licence to Post Without Prepayment No. CPMG/GJ/101/2012 valid upto 30th June, 2012**

**If undelivered Please Return to :**

CIMS Hospital, Nr. Shukan Mall,

Off Science City Road, Sola, Ahmedabad-380060.

Ph. : +91-79-2771 2771-75 (5 lines)

Fax: +91-79-2771 2770

Mobile : +91-98250 66664, 98250 66668

**'મારૂ હૃદય' નો અંક મેળવવા અંગે :** જો તમારે 'મારૂ હૃદય' નો અંક જોઇતો હોય તો તેની કિંમત ₹ ૬૦ (૧૨ અંક) છે. તેને મેળવવા માટે કેશ અથવા ચેક/ડીડી 'સીમ્સ હોસ્પિટલ પ્રા. લી.' ના નામનો તમારા નામ અને તમારા પુરતા એડ્રેસની વિગત સાથે અમારી ઓફિસ, "મારૂ હૃદય" ડિપાર્ટમેન્ટ, સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ પર મોકલી આપશો. ફોન નં. : +૯૧-૭૯-૩૦૧૦ ૧૦૫૯/૧૦૬૦




તંત્રી, મુદ્રક અને પ્રકાશક ડૉ. અનિશ ચંદારાણાએ ધ હાર્ટ કૅર ક્લિનિક વતી હરિઓમ પ્રિન્ટરી, ૧૫/૧, નાગોરી એસ્ટેટ,
ઇ.એસ.આઇ. ડિસ્પેન્સરીની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૪ ખાતેથી છાપ્યું અને
સીમ્સ હોસ્પિટલ, શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.